સંગીત

ગરબાવળી.

તૈયાર કરનાર

પટેલ મણીલાલ દોલતરામ

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ

સને ૧૮૯૮. સંવત ૧૯૫૫.

કીમત રૂ. ૦-૬-૦

સંગીત ગરબાવળી.

રાગ. (સખીઓ નીજ નીજ નિતી.)

આવો હાવે ભાવે રમીએ સહીયર આપણેરે;
રમીઓ રંગ તરંગથી આવો દીઓ બેન,
ભળીએ રમત ગમતમાં જઈને ત્યાં ઉલ્લાસમાંરે.
સાખી—ચાલો બેની બાગમાં ચંદ્ર ખીલ્યો છે ચકોર.
જાવાની જોઉં રાહ હું: જેમ વૃષ્ટી ઇચ્છે મોર.
કરો તૈયારી ત્યાં જવાની સૌ આપણેરે,
પેરો કીમતી આભુષણ અંગે અલંકાર. આવો.
સાખી—બાગ સુશોભીત પુષ્પથી, સુગંધ વહે ચોપાસ.
ગુલાબ કેતકી મોગરો, આપી રહ્યા છે સુવાસ.
સહીયર સાથેતો સૌ ઉઠો ફરવા ફુદડીરે
રાગે મળીને બોલો શ્રી હરી એકવાર, આવો.
સાખી—આજ દીવસ છે હર્ષનો, મળી આપણુ સંગાથ
પણ હવે ચાલો ઘર ભણી. વાટ જુવે છે નાથ.
રાતલડી અરધીતો ચાલી અહીંથી નીસરીરે.
માટે વઢશે ઘેરે આપણુને ભરથાર. આવો.
સાખી—જો અહીં થાસે વારતો, પતિથાસે દીલગીર;
વખત વિતી કેમ બહું ગયો, એમ મનમાં નહિ રહેધીર
માટે ચાલો બેની પતિની સેવામાં હવેરે.
પાછાં મળસું જગદીશ મેળવશે સુભદીન. આવો.

સદ્ગુણી સ્ત્રીને તેના સ્વામીએ દુઃખ નહીં દેવા વિષે.

ગરબી.

સદ્ગુણી સ્ત્રીને જે સ્વામીરે,
વણવાંકે નડે છે નકામીરે,
તેનો નરકમાં નિશ્ચય નિવાસ.—અધમગતી આવે છે એહથીરે. ૧
પત્નિનું પતિ છે જીવનરે,
જેણે સોંપ્યું છે તનમન ધનરે;
તેને વણવાંકે ઉપજાવે ત્રાસ.—અધમગતી આવે છે એહથીરે. ૨
દાશી રૂપે સદા સેવા કરેરે,
મીઠી વાણીથી મનની હાણી હરેરે,
તેને નિઃકારણ કરતાં નિરાસ.—અધમગતી આવેછે એહથીરે ૩
ઘરમાં ખાવાની ખટપટ એકરેરે;
નાનાં મોટાની તબીઅત મનધરેરે;
તેને હરવા ન દે હરીવાસ—અધમગતી આવે છે એહથીરે. ૪
સદા સુખ દુઃખની એછે સાથીરે,
જેજે કહ્યા તે કરે નાથીરે,
તેને રીઝવી ન રાખે ઉદાસ.—અધમગતી આવે છે એહથીરે ૫
સોંપી મા બાપે પીંજર પોપટીરે,
મીઠું વદી રીઝાવે નાજુક નટીરે
છતાં રાખે ન એને ઉલ્લાસ—અધમગતી આવે છે એહથીરે ૬
શાણી સુંદરી છે સદા શ્રી રૂપરે,
વળી સુધા તણો એ સરસ કુંપરે,
એનો માણે ન મુરખ વિલાસ—અધમગતી આવે છે એહથીરે ૭
રત્ન રૂપી રૂડી રામા જે મળીરે;

તેનો જીંદગી જાણો સફળ ફૂળીરે,
તેની પુરે ન જે પતિ આશ.—અધમગતી આવે છે એહથીરે ૮
પતિનું પ્રધાન રૂપે સલાહ કારીરે;
નાદ સદ્ગુણથી ભરી તે નારીરે,
તેથી ઉત્કટ ચાલી આણે નાશ—અધમગતી આવે છે એહથીરે ૯
કર્યાં લોકમાં સુકૃત્ય ગત જાવેરે;
તો તેને સદ્ગુણી સ્ત્રી મળે આનવેરે,
તેને નડતાં જેસંગ વિનાશ—અધમગતી આવે છે. એહથીરે ૧૦

બજરંગીનો (હનુમાનજીનો) ગરબો.

સીતા રામ નોકે રખવાળરે સમરૂ બજરંગી.
એનો અંજનીનો જાયો હનુમાનરે. સમરૂ.
અંગને ચઢે છે તેલ સિંદુરરે— સમરૂ.
માતાજીના વચન પાળવા, પીતાજીને કાજ,
અયોધ્યા નગરીના રાજ છોડીનેરે રામે ભોગવીયા વનવાસરે. સમરૂ.
વનમાં જઇ મઢો બનાવી આસન કીધાં ત્યાંય,
રોપ્યાં સીતાજીએ વૃક્ષ ત્યાં કઇ જુદી જુદી જાતના જ્યાયરે. સમરૂ.
રાજા રાવણનો મરગલો, જેની સુવર્ણની છે કાય;
ચરતાં સીતાજીએ ભાળીયોરે, કહે રામને કાંચળડી સીવડાયરે. સમરૂ.
કંચવો સોનાનો સીવડાવશું, નહી ચામડામાં એસાર,
હઠ લીધી સીતાજીએ ઘણી, કીધા બોલ ઓશીયાળા અપારરે. સમરૂ.
બોલો સીતાના સાંભળી, લીધું રામે ધનુષ્ય ત્યાં હાથ;
પહેલું તે બાણુ રામે ફેંકીયું, તેતો જઇ પડયું હરણા માંયરે. સમરૂ.
બીજે બાણે મૃગ મારીયો, તમો ધાજો લક્ષ્મણ વીર;
સીતાજી કહે દીયરજીરે, તમો જાઓ હણ્યા તમ વીર. સમરૂ.

ઘેલી સીતા ઘેલુ ન બોલીયે, નવ રામ હણાયા જાય;
મેણાં દીધાં સીતાજીએ ઘણુંરે, તેથી લક્ષ્મણ ધાયા ત્યાંયરે. સમરૂ.
રાવણ આવ્યો જોગી થઇ, કહે ભીક્ષા દે માય;
આપી આણ્યો છે રામનીરે, તુને ભીક્ષા તે કેમ અપાયરે. સમરૂ.
કપટીએ કપટ લડાવીયું, ઉંધુ ચતુ સમજાવી સાર;
ખાંધે બેસારી રાવણ ચાલીયોરે, કાંઇ હરી છે સીતા નારરે. સમરૂ.
ઉંચી મેડી ઉછાંછળી, સમુદ્રનો નહીં તાગ;
સતીને રાવણ હરી ગયોરે, એની મેડીએ ફરે છે કાગરે. સમરૂ.
મારી મૃગ રામ આવીયા, નાંખ્યો મઢીની બહાર;
દિસે સુના મંદીર માલીયાં, કહો લક્ષ્મણ ક્યાં ગઇ સીતા નારરે. સમરૂ.
રામ કહે લક્ષ્મણ તું કુલક્ષણો, ન સરીયાં કશાં કાજ,
ના હણ્યો વાડીનો મૃગલોરે, કાંઇ સાચવી ન સીતા નારરે. સમરૂ.
લક્ષ્મણ કહે હું ન કુલક્ષણો કુલક્ષણી તમારી નાર;
સીતા કઠણ વચન બોલીયાંરે, મને લાગ્યાં તે હાડોહાડરે. સમરૂ.
રામ રૂવે લક્ષ્મણ રીઝવે, ના રોશો ઘેલા રામ;
સતિ સરીખી બીજી લાવશુંરે, એનું સીતા ધરાવીશું નામરે. સમરૂ.
જળ જળ કમળ ન નીપજે, વીરા વનવન અગર ન હોય;
ઘેર ઘેર સિતાના નીપજેરે, તુનો બંધવ વિચારી જોયરે. સમરૂ.
રામે બીડુ ફેરવીયુ, કહો છે કોઇ બળીયો જોધ;
હનુમાને તેતો લીધું હાથમાંરે, લાવું સીતાજીની હું શોધરે. સમરૂ.
અવળી ઉલટે ઉછળ્યો, પડીઓ સાગર મોઝાર;
લંકા મહી તે આવીયોરે, જોયા ચોરાશી બાવન બજારરે. સમરૂ.
જોઇ વળ્યો લંકા બધી, જોયુ રાવણનુ રાજ;
પત્તો સતિનો ના મળ્યો, આવ્યો થાકી પાણીને ઘાટરે. સમરૂ.

પનીયારી તુને વિનવું, કઇ બતાવે જો સીતા માય;
પાણીયારી કહ્યું સાંભળોરે, સીતા અશોક વાડીની માંયરે. સમરૂ.
ત્યાંથી હનુમાન ઉડીયો, ને આવ્યો વાડી જ્યાંય;
મહેલી મુદ્રિકા પડતી ત્હીરે, લીધી સીતાજીએતો ત્યાંયરે. સમરૂ.
કોણ દિશાથી આવીયા, શું છે તમારૂ નામ;
કોણ તમોને મોકલ્યા, લાવ્યા ક્યાંથી મુદ્રીકા આ મારા રામરે. સમરૂ.
ઉતર દિશાથી આવીયા. પંચવટીમાં છે મુકામ;
રામ લક્ષ્મણે મુને મોકલ્યોરે, છે હનુમાનજી મુજ નામરે. સમરૂ.
સાત સમુદ્ર આડા ભર્યા, જળનો નહી કંઈ થાગ;
દેતો સામા ઉભા હશેરે, ભાઇ કેમ કરી મુકાવ્યો તેં માગરે સમરૂ.
સાત સમુદ્ર કોટે કરૂંને, બાળુ લંકા અનુપ:
નથી મારા રામની આજ્ઞારે, નહીતો મારૂ હું રાવણભુપરે. . સમરૂ.
તરશો તું હોઇશ ભાઇ, સાવજારે જા પીને તું ટાઢા નીર;
ભુખ તુંને લાગી હશે. તુ ખાને આ દાડમ અંજીરરે. સમરૂ.
આડ ભાગો હનુમાંનજી, પાડી વન ફળ ખાય;
ફરીયાદ બાગનો માળીડરે, લેઇ રાવણની પાંસે જાયરે. સમરૂ.
અરજ સુણી માળી તણી, કોપ્યો રાવણ રાય;
મારો મારો એને શું જુવો, બાંધો લોઢે લાકડે એજ કાયરે. સમરૂ.
કુંભ કરણે ભાથા બીડીયા, માર્યું જોરથી બાણ;
ઇંદ્રજીત કહે ગભરાઓ નહીરે, હું વાળુછું એનો ઘાણરે સમરૂ.
હનુમાનજી હસતા બોલીયા, નહી મરૂ એરણને ઘાણ;
સાચુ કહે વાંદરારે, ત્યારે શાથી જશે તુજ પ્રાણ સમરૂ.
આખી લંકાનાં ગોદડાં, અને સહુ ઘાણીનું તેલ;
મારે પુંછડે બાંધી પછીરે, વળી અગ્ની તે તેમાં મેલરે સમરૂ.

તેલ મગાવ્યું તરત, ત્યાં બાંધ્યાં ઓઢડાં સજ્જડ;
અગની મુકતા સાથ હનુમાનજીરે, બેઠા ચઢી તે લંકા ગઢરે. સમરૂ
બાળ્યાં મેડીને માળીયાં, બાલ્યા બાવન બજાર;
હાહાકાર ત્યાં થઇ રહયોરે, રૂવે નાનાં મોટાં નરનારરે. સમરૂ.
પછે સ્નાન કરી હનુમાંનજી, આવ્યા રામજી જ્યાંય;
સીતાની ખબર આપી અનેરે, કહ્યું લંકામાં લાગીછે લાયરે. સમ૦.
રામ લક્ષ્મણ યુધ્ધે ચઢયા, ઇંદ્રજીત માર્યો ત્યાંય;
ઓળખ્યો ઇંદ્રજીત તેમણેરે, ત્યારે લક્ષમણને થઇ મુર્છાયરે. સમરૂ.
રામજી ઘણા દીલગીર થયા, ઉચર્યા દીલમહી બોલ;
કાંચલડીને કારણેરે, મારી અખંડ ખાંડી જોડરે. સમ૦.
જયાંતાં તમો ત્રણ જણાને, આવ્યા એકા એક;
માતા સુમીત્રા એમ પુછશેરે, ત્યારે ઉતરશો દઇશ હું નેહરે સમરૂ.
વાણું વાયુ આવ્યા હનુમાનજી, લાવ્યા અમરકુપ સાર;
મુરછાવળી લક્ષમણ તણીરે, ત્યારે વરત્યો તે જેજેકારરે. સમ૦.
થયું યુદ્ધ ત્યાં અતિઘણું, મરાયો રાવણ ભુપ;
સીતા સતિ મલી રાંમને, પછે વિઘ્ન પડયાં જઇ કુપરે. સમરૂ

શિયળવંતિને ગાવાની.

ગરબી

(પડવાની પણ પ્રીત ઘટમટ ભુલીરે) એ રાગ.

સરવે લલનાઓ લ્યો લાખેણો લ્હાવો રે,
કરી શેવાને શુભ રીત્ય કંથ રીઝાવો રે;
કહીએ ના જુઠી બોલીએ જરા વાણી રે,
તમ ઉપર તે કોપાય જોયજો જાણી રે.
ગણી ઇશ્વર સમને આધીન રહીએ શાણીરે,

દુધ ગણું શિયળ થકી હોય જો પાણી રે,
શુભ શેવા તેની કરો સાહેલી રે;
બીજી ઝંખના હોય હજાર તે સહુ મેહેલીરે.
ભુત પલેત ના માનશો કાંઈ સાચુ રે;
વળગે તે આવી કોય જન હોય કાચુ રે.
મંતર જંતર ખોટા જાણજો સહુ આજેરે;
ઢોંગ કરે છે ઢોંગી લોક પેટને કાજેરે.
મંતરમાં છ એક શિયળ શુભ પાળોરે;
કહે ભોગી જુએ નહીં કોય દુઃખનો દહાડોરે.

(પુનમ ચાંદણીના રાગમાં ગવાશે) એ રાગ

શાણી સખિયરો ચાલો જઈએ આજ, કાજ સુધારે ઉમા માતડીરે
આણંદ હઈએ અપાર, રાખી પુજો પાવડીરે. ટેક.
સામી શોભા થઇ રહી આજે સુંદીર વાગ્યનીરે આણં૬૮

સાખી.

ભજો સહુ ભાવેરે આજ તો શક્તિ સાચુ રૂપ:
દરશે સખે લાજએ, હોય રંક કે ભુપ.
પ્રીતે નીતી (ની) રીતી યાદ કરી હમેશ શેવા સાગવારે.
શુભ ભાવી જનો આજ આવે ભાવથીરે. આણં૬૦

સાખી

શુભ શિયળ રાહુ સાચવો, સખીઓ લાગી પાય;
જુઠા વીતને ના ચહો, જેથી રીઝે જગમાય.
અવર સંગ હેતે કરી, ટાળો મનથી દૂર;
તો માજી સહુ તારશે. ભાવ ધરીને ઉર.

શરણુ સાચું ધારી, પાળી શિયળ શુભ ચાલીએ;
તો કદીએ ના આવે જુકાં તમને આળ. આણું૦

સાખી

જુઓ વિચારી મન વિશે, પ્રથમ મનુષ્ય દે માન;
અંત વખતે પણ આવશે, નારાયણી વૈમાન.
ટેક ધારીને તરત તમે સત્ય માનજોરે;
શિયળથી સધર રહેશે શરીર. આણું૦

પંદર તીથીઓ.

સખી પડવે તે પંથ ચાલારે, મહા વનના તે મારગ ઝાલારે;
સાથે સીતાને લક્ષ્મણ બાળા, રઘુપતીરામ રૂદેમાં રેજોરે.
સખી બીજે મઢીમાં બીરાજેરે, જેવાં નદીઓ તણાં નીરગાજેરે.
રામ મેલી ગયા રૂડુ રાજ્ય, રઘુપતી રામ રૂદેમાં રેહુજોરે.
સખી ત્રીજે વનની ઝાડીરે, દશ ફળ મંગાવે દાડીરે;
સારી સોભે સોતાજીની વાડી રઘુ૦
સખી ચોથે કેવડીઓ મેકેરે, ફાસો ફુલોને મોગરો મેકેરે;
એવી લીલી લતાઓ લેહે, રઘુ૦
સખી પાંચમે પોપટ પાળોરે, પાંખ લીલીને કંઠલો કાળોરે;
મુખે રામનામ ભણુંતો બાળો, રઘુ૦
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે આવ્યોરે;
એ મુખનો મરઘ બનાવ્યો, રઘુ૦
સખી સાતમે શ્રીહરી સમરારે, વાડી ભેળી ઉડાડ્યા ભમરારે;
દુખ સહીને ઉછેરા ડમરા, રઘુ૦
સખી આઠમે એને નીહાળ્યોરે, મનુશધારીને મરગલો મારયોરે;
મરગ મરતી વખતે પોકારો, રઘુ૦

સખી નોમે તે નાંખ્યો તીરરે, જઇ વાગો મરગ શરિરરે;
વારે ધાજો લક્ષ્મણ વિર, રઘુ૦
સખી દશમે કરે લક્ષ્મણનેરે, બેલી વિરો બોલાવેછે તમનેરે;
આડી આંણુ દિધીછે અમને, રઘુ૦
સખી એકાદશિ અપવાશિરે, લંપટ લેવાને લાગ તપાશીરે.
રાવણ શીતાને લઇ ગયો નાશી, રઘુ૦
સખી બારસે હનુમાન બળીયોરે, થેકી સમુદ્રપાર ઉતરીયોરે;
જઇ જોગ જોગ માયાને મળીયો, રઘુ૦
સખી તેરસે તંબોળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે;
લાય લંકા તે ધડમાં લાગે, રઘુ૦
સખી ચઉદસે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણને નાંખ્યો મારી, રઘુપતી રામ રૂદેમાં રેહજોરે.
સખી પુનમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માત કઉશલ્યાને મન ભાવ્યા, રઘુપતી રામરૂદેમાં રેહજોરે.

પદર તથો

પુનમે અમને પુરણ દરસન દેજોરે છોગાળા;
દયા કરી મારી દેહિનાં દુખડા ખોજોરે મોરલી વાળા. ૧
પડવે આવી પકડો મારી બાંયરે છોગાળા;
કાંઇ સતગુરૂની સીતળ રાખો છાયરે મોરલી વાળા. ૨
બીજે મોરી બાળક બુધી કાપોરે છોગાળા;
દયા કરી મારી દેહના દુખડા કાપોને મોરલી વાળા. ૩
ત્રીજે હુંતો તતપર થઇને બેઠીરે છોગાળા;
ગોપી જાતીતીને લાગી મીઠીરે મોરલી વાળા. ૪
ચોથે ચતુરા શું ગયાછો ચુકીરે છોગાળા.
કાંઇ લેહે લાગી મેં લાજ, સરવની મુકીરે મોરલી વાળા ૫
પાંચમે પુરણાવતી કહેવાયરે છોગાળા.
મુજ હરી વાના તો ઘડીએ ના રહેવાયરે મોર૦ ૬
છઠીના લખીયા લેખ તે કેમ ટળશેરે છોગાળા;

મુજ પતિવ્રતના કારજ કરવાં પડશેરે. મોરલી૦ ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે છોગાળા;
કાંઇ મોરલીને શબ્દે હીંડું છું માતીરે મોરલી૦ ૮
આઠમે અવતરીયા અંતર જામીરે છોગાળા;
જાદવ કુળમાં જનમ્યા છો અંતરજામીરે મોરલી૦ ૯
તુમે કરવા નરપતનાં કામરે છોગાળા;
મુજ મંગળ વાસી ગયા મથુરા ગામરે મોરલી૦ ૧૦
દશમે દાવાદળ આવી કોપ્યોરે છોગાળા;
કાંઇ મામોકંસ મારીને રણસ્થંભ રોપ્યોરે મોરલી૦ ૧૧
એકાદશિના પડદા આવિ ખોલોરે છોગાળા;
કાંઇ અંતરજામી અમ સંગાથે બોલોરે મોરલી૦ ૧૨
બારેશે વંદ્રાવન રસ્તો જાસોરે છોગાળા;
મુજ અપુવ જીવને શું મુકો છો વીસોરે મોરલી૦ ૧૩
તેરસે કાંઇ ચરણ કમળ ચીત લાગ્યુરે છોગાળા;
કાંઇ જન્મો જન્મની ભકતી તમારી માગુરે મોરલી૦ ૧૪
ચઉદસે કાંઇ ચરણ કમળની દાસીરે છોગાળા;
મુજ મંગળવાશી ગયા મથુરાં નાશીરે મોરલી૦ ૧૫
અમાશે કાંઇ ધરણિધર કહેવાયરે છોગાળા;
કાંઇ નરસઇ મેહેતા ગુણ તમારા ગાયરે મોરલી૦ ૧૬

પંદર તીથીઓ

પડવાની પણ પ્રીત ગતમત ભુલીરે, મારા હરી વિના એક વાત નરવે સુનીરે; બીજે બાળે વેશ રહું છું બાળીરે, આ ઘરમાં કેમ કેવાય વાગે તાળીરે; ત્રીજે ત્રીભોવનરાય રાજ પધારોરે. હરી આવો આપડે ઘેર હેત વધારોરે; ચોથે ચતુર નાર ચંચળ ચાલેરે. પેલો વડોદરાનો વઇદ દુખડાં ટાળેરે; પાંચમના પડદા હરી શું રાખ્યારે, મારે પેમરસ પીવા કાજ હરી રસ ચાખ્યારે; છઠીના લખી યા લેખ તે કેમ ટળશેરે, મારા પેલા ભવની પ્રીત આવી મળશેરે; સાતમના સંતાપ આ શું કહીએરે, મહારાજ લાજ નથી લગાર શુ કહું તમનેરે, આઠમ ઓછવ થાય, હરી જોય હેલીરે; મારે સોગ

ગોપીનો સાથ રમવા મેલીરે, નોમે નમેરા નાથ નમેરા ન થઇએરે આ ગોકળીયુ મેલી મથુરા ન જઇએરે; દશમે દીન રાત દેહ મારી દાઝેરે, ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલેરે; એકાદશીનાં વ્રત મારે કરવાંરે, શ્રી જમુનાજીનાં ધ્યાન મારે ધરવાંરે; દ્વાદશીના દાહાડે દરશન દેજોરે, મારા સામળીઆ ભગવાન સનમુખ રેહેજોરે: તેરશના તો તન અમારાં તુટયાંરે, આ હરી હરી કરતાં હોઠ અમારા સુકયારે; ચઉદશનો ચતુર નર શું વાહયારે, ઘેર રાખ્યા સરખી નાર શું રીસાયારે, પુનમે તો પંદર તથો થઇ કહાવેરે, મન સેજલડીમાં સુતાં નીંદ્રા ના આવેરે.

પંદર તથો.

હરી હઠ મેલને રાધે, મેરીશંગ બોલને રાધે;
અબોલો બોલને રાધે, ગુમટડા ખોલને રાધે,
કહયા મેરા માનને રાધે. ટેક.
પડવે મોરી સાહેલડી, પેઉજી વાડીએ જાય;
પેઉજી લાવે દાડમ ગોરિ છોલેને પેઉજી ખાય. હરી૦ ૧
બીજે મોરી સાહેલડી, બાળોજ ઉગ્યો ચંદ;
દાડમ કેરે દંતડે, ગોરી આસો માંડયો ફંદ, હરી૦ ૨
ત્રીજે મોરી સાહેલડી, તરીઆજ વારંવાર;
આસુ સુકી સુંદરી ભુલી કંકુને કાજળ સાર. હરી૦ ૩
ચોથે ચકમતી મેં શુણી જોબન બાળે વેશ;
ભરજોબનમાં એકલી જેના પેઉ ગયા પરદેશ. હરી૦ ૪
પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી, મારૂં જોબન જાય ભરપુર. હરી૦ ૫
છઠે મોરી સાહેલડી, છઠીજ વારેવાર;

પરદેશી રાજ પધારસે આપણે બેશીશ હારોહાર. હરી૦ ૬
સાતમે મોરી સાહેલડી સાતજ કીધા સ્નેહ,
અગાશાની રત ચીકણી ઝીણા ઝરમર વરસે મેહ. હરી૦ ૭
આઠમે મોરી સાહેલડી, આઠેજ જોડા જોડ;
પરદેશી રાજ પધારસે આપણે બેસીસું મોડા મોડ, હરી૦ ૮
નોમે મોરી સાહેલડી નવલાંજ પેહરૂ ચીર,
દીપક લઇ મેડે ચડુ મારે નયણે વછુટયાં નીર. હરી૦ ૯
દશમે મોરી સાહેલડી દશરા પુજવા જાય;
પુજ્યા તે નર પામીયા મારા રાયજાદા ભરથાર, હરી૦ ૧૦
અગીયારશે મોરી સાહેલડી મે કીધી સીવરાત,
પરોઢીએ ઉઠી પારણાં કરૂ મને કરસણ જોયાનિ ખાંત, હરી૦ ૧૧
બારશે મોરી સાહેલડી બારજ બાંધા બંધ,
કસનારા નર કસી ગયા એનો કદીએ ન છુટે બંધ હરી૦ ૧૨
તેરશે મોરી સાહેલડી વાદળ વાધો રંગ,
આસડની સુળી એક દે મને ડસીઓ કસન ભોરંગ. હરી૦ ૧૩
ચઉદશે મોરી સાહેલડી પાસા લીધા હાથ.
મે જાણું તે પડશે પાવરા એતો પડીયા બારેવાટ, હરી૦ ૧૪
પુનમે મોરી સાહેલડી પુરીજ કરજો આસ;
મેં જાણું હરી આવસે હવે થઇ બેઠીશુ નીરાશ, હરી૦ ૧૫

મલાવરાવનો રાસડો.

પીતળી લોટા જળ ભરયારે દાતણ કરતા જાવોરે;
મલાવરાવ શેહેરનો શુબો કયારે આવશેરે.
દાતણ કરશુ વાડીએરે ફરતી ફરંગીની ફોજરે મ૦
ચીનના પાલા એમ રહયારે, મરદન કરતા જાઓરે મ૦ ૧
મરદન કરસુ વાડીએરે ફરતી ફરંગીની ફોજરે મ૦

નાંખા તે કુડીઓ જળે ભરીરે, નાવણ કરતારે જાવરે મ૦ ૨
નાવણ કરશુ વાડીએરે ફરતી ફરંગીની ફોજરે મ૦
રાંધી રશોઇઓ એમ રહીરે ભોજન કરતારે જાવરે મ૦ ૩
ભોજન કરસુ વાડીએરે, ફરતી ફરંગીની ફોજરે મ૦
પાનશોપારિને એલચીરે, મુખવાસ કરતેરા જાવરે મ૦ ૪
મખવાસ કરશુ વાડીએરે ફરતિ ફરંગીની ફોજરે મ૦
શોનાને કેરાં શોગટાંરે રમત રમતા જાવરે મ૦ ૫
રમત રથશુ વાડીએરે; ફરતી ફરંગીની ફોજરે મ૦
હીચણ સામો ઢોલીયોરે પોઢણ કરતા જાઓરે મ૦ ૬
પોઢણ કરશુ વાડીએરે. ફરતી ફરંગીનિ ફોજરે. મ૦
ક્યાંથી આવ્યો પિટયો જાગલોરે, માથે ટોપીને ભુરોવેશરે મ૦ ૭
રાણી રૂવે રંગમેહેલમાંરે, દાશીઓ રૂવે દરબારરે. મ૦
હાટે રૂવે હાટ વાણીયારે, ચોરે રૂવે ચારણ ભાટરે. મ૦ ૮

કજોડાવાળી સ્ત્રીના વિલાપના ગરબી.

(અલબેલી અંબેમાત જોવાને જઇએ એ રાગ.)

બળ્યો બળ્યો આ અવતાર, દુખ મુજને ઝાઝુ;
મારો સ્વામી છે નાનુ બાળ, નીત્ય દેખી દાઝુ. ટેક.
નવ વરસનો નાવ છે મારો, હુછું જોબન વેસરે,
શોળ વરસની ઉમર મારિ, તેથી થાય કલેસ. દુખ૦ ૧
પાપી પીતાશુ હવે જાણુ, કાંઈ ન રાખ્યું ભાનરે;
કુળીન ઘરનો વર જોઇ મને દીધુ કન્યા દાન. દુખ૦ ૨
બાળપણામાં ઝેરથી મુજને, મારી હોતતો સારૂરે;
આ અવસર નહી બળતે, આવુ દુખ કલેજુ માર દુખ૦ ૩

બાળક આણુસમજુ પતીમારો, દેખી દીલ બહુ દાજેરે;
દુખ દેહેતાં કહેતાં આજે, મન મારૂ બહુ લાજે. દુખ૦ ૪
સ્વામી બેગી સુવા મોકલે સાસુ નણદી મારીરે;
તે અવસર ત્યાં વાત બનીતી, હાય નીત દુખકારી. દુખ૦ ૫
ખાટ તળે કે પાંગ્તેકે, હું નીત પડેલો જોતીરે;
ત્રિચકી હું ઓશીકે આણું રાત કાઢે ઘણું રોઇ દુખ૦ ૬
પોહોર દીવસ ચડે પંહાડી ઉઠે. દાતણ પાણી ન કરતોરે.
રોતો રોતો મા પાસે જઇ, પેટ પોતાનું ભરતોરે. દુખ૦ ૭
ખાતો ખાતો પેસાબ કરતો, મા તેની કળકળતીરે;
ભાન શરીરનું લેશ નહી તેને, તેથી હુ નીત બળતી દુખ૦ ૮
આ કરતાં પીયુ નહી હોતતો, માનત મનથી સારૂરે;
દેખીને દાજે છે આજે, કુણું કાળજુ મારૂ દુખ૦ ૯
આધુરામાં પુરો મુજને, કામ ઘણો દુખ દેછેરે;
નર કરમ કરવાથી, મુજને બીક ઘણી મન રહેછેરે. દુખ૦ ૧૦
શમજણે કદી હોત પીયુતો, લોકમાં નવ બીહાયરે;
પર પુરૂષનો ગરભ રહેતો, મારી ફજેતી થાય, દુખ૦ ૧૧
સોખીલા નર જોઇને મારૂ મન ઘણું અકળાયરે;
કામ દેવના તાપે કરી.શરીર નીત સુકાય દુખ૦ ૧૨
મેઘરાશી કેહેછે મુખથી, કોઇ ફજેતુ ન જોશોરે;
દુખ પુત્રીનૂ દેખી આતે, પોક મુકીને રોશોરે, દુખ૦ ૧૩

આગગાડીનો ગરબો.

મોહોલે પધારો મારારાજ એ રાગ તાલ દીપચંદ.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડીરે આવી.
એતો આવી હિંદુસ્થાન, અગન કેરી ગાડીરે આવી.
જોવાથી "નાન" નીરાંત, અગન કેરી ગાડીરે આવી.

સાખીઓ.

સરસ્વતી માતને વિનવું, અને ગણપત લાગું પાય;
ટોપીવાળા તારા રાજમાં, તારૂં આંક્રડ કંઇ પંકાય । અગન.

ગાડી તારા બેસણાં, એતો ઇંદ્ર તણાં વૈમાન;
લાકડ આંકડા મેળવ્યા, તેના ઘડનાર ચતુર સુજાણ—અગન.
સ્ટેશનથી છે ઉપડી, એવો આવે જ્યારે તાર;
માસ્તર તારીખ મેળવી, ખુલ્લું મુકે ટીકીટનું દ્વાર—અગન.
ગાડી વાળો ઘંટ વાગીયો, ટીકીટ કરાવવા જાય;
ઘડી એકનો વિલંબ પડે, તેતો ટીકીટ વિના અથડાય—અગન
સ્ટેશન ઉપર પાન ને, સોપારી લવીંગ વેચાય;
શોખીન સેહેલાણી જનો, ખાંતે ખરીદ કરીને ખાય—અગન.
ઘારી ઘેબર ઘુઘરા, બરફી બેસ વેચાય;
મોટા ઘરની શેઠાણીઓ, તેતો ગાડીમા બેસી ખાય—અગન.
દુરથી દેખે જો આવતી, તરત સીંગલ નીચો થાય;
બેસનાર તૈયાર થઇ, ઝટપટ શોધે જગાય—અગન.
એન્જીન કરતી ગુંજારતી સીટીનો આપે સાદ;
ઝક ઝોકા હીંચકડી દે, જેને કરીયે આપણે યાદ—અગન.

સુરત શેહેરની સુંદરી, મુંબાઇમાં તેનું મોસાળ;
સોલાપુરમાં સાસરૂં, તેના સાંજે સદેશા જાય—અગન.
માગી તારા રસ્તમાં સરવ પ્રકારનું સુખ;
ધન્ય ધન્ય સ્ત્રીની જાત તેં, દીપાવી માની કુખ—અગન.
ગરબો રચ્યા સુભાગીઓ સહુને ગાવા માટ;
નાનાલાલે નેહથી આપે તાળી ઉપાડી હાથ—અગન.
મગન સુત મન માનતા, ગોરી ગરબા રોજ,
વળી છપાવી રાખશે, વાંચી માનજો મનમાં મોજ—અગન.
શાહજનગર રહેનાર એ, આવ્યો મુંબઇ શેહેર;
આશા પુરી તેહની, પ્રભુ આપજો લીલા લ્હેર—અગન.
ગરબો ગાજો પ્રીતથી, સખી ધરી મન સ્નેહ;
બોલો બ્હેનો એકદમ, અંબે માતકી જે જે જે—અગન.

ગરબો ૨ જો.

મોહોલે પધારો મારા રાજ, માણીગર મોહોલે પધારો;
નારી જુએ છે વાટ, માણીગર મોહોલે પધારો.

મારો મારે થયો અપરાધ, માણીગર મોહોલે પધારો.
કરે રૂદન રાધા નાર, માણીગર મોહોલે પધારો ટેક.
શીશો ભાગ્યો સાંધતાં, મન ભાગ્યું કુવણ;
મોતી ભાગ્યું વીંધતા, તેને નહીં સાંધો નહીં રેણ—માણી૦
સોનુ કરીને સાચવ્યું, કર્મે નીકળ્યું કથીર;
માતામા ચતુરાઇ ઘટી, મારૂં સે સે સુકાણું શરીર—માણી.
શ્રી કૃષ્ણજીએ ગાડા જોતર્યા, માહી ભર્યા કસુંબા મ:
પરણ્યા હોય તે સાટવે, મને રાતા ચુડલાની ખત—માણી૦
ચંદ્ર તુજને પુજતી, કરીને આદીત વાર;
ઘડી એક મોડો ઉગજે, મારા પીયુ મીલાવન હાર—માણી૦
સાહેલી સાગર ઉલટ્યો, માંહી રત્ન તણાયા જાય;
કુમર હીણ ભરે મુઠડા, તેના મખલ હાથ ભરાય—માણી૦
જતન જતનાં જાળવતી, કરતીમ માંધા મુલ;
થોડું થોડું રાખતી, જેમ માલણ રાખતી ફુલ—માણી૦
શેરી ભલી પણ સાંકડી, નગર ભલાં પણ દુર;
નાવમો નાનકડો મળે, તેનુ જતન જાય ભરપુર—માણી૦
સાંકડી શેરી સજ્જન મળ્યા, સાથે હંસ બે ચાર,
કાંટા નાગશે હું નમીશ, તમે માની લેજો સુહાગ—માણી૦
ડુંગર ઉપર દવ બળે, નદી કરે પોકાર;
ચતુર હોય તો ચેતજો, મુરખ કરે વિચાર—માણી૦
કોણે હીમાળો સેવીઓ, કોણે સેવી આગ,
કોણે કરવત મૂકાવીઆં, કેઇ નારીને કાજ—માણી૦
કાથે હીમાળો સેવીઓ, ચુને સેવી આગ;
સોપારીએ કરવત મુકાવીઆં, રાણી નાગરવેલને કાજ—માણી૦
પ્રીત એસી કીજીએ, જેસે ટંકણ ખાર;
આપ જળે પણ રીઝવે, જે ભાગ્યા સાંધે હાડ—માણી૦
મીત્ર મીત્ર સબકો કહે, આવી મીત્ર અનેક;
બીપત પડે શીરપર લહે, એતો જુગમાં એક—માણી૦

સમાપ્ત.